INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૭–૧૦–૨૦૨૪**

નવરાત્રીના પાવન પર્વમાં પણ ગુજરાતની બહેન દીકરીઓ પર દુષ્કર્મ-અત્યાચારની સતત વધી રહેલી ઘટનાઓ પર ચિંતા વ્યક્ત કરતા અમદાવાદ શહેર પ્રમુખશ્રી હિંમતસિંહ પટલે જણાવ્યું હતું કે આખી રાત ગરબે ઝુમોની વાતો કરતી ભાજપ સરકાર ગુજરાતની બહેન દીકરીઓની સુરક્ષા ક્યારે કરશે? વડોદરામાં બીજા નોરતે દીકરી પર ગેંગ રેપ થાય, રાજકોટના આટકોટમાં દીકરી પર દુષ્કર્મ થાય, દાહોદની ૬ વર્ષની માસૂમ બાળાની દુષ્કર્મ બાદ હત્યા કરવામાં આવે અને તોય ભાજપ સરકાર સબ સલામતની બાંગો પોકારી રહી છે. બળાત્કારનાં નામે રાજનીતિ કરવા પશ્ચિમ બંગાળમાં મહિલા દુષ્કર્મ પર વિરોધ કરતું ભાજપ ગુજરાતની બહેન દીકરીઓ સાથે અત્યાચાર-બળાત્કાર મુદ્દે કેમ મૌન? સુરત, અમદાવાદ, બરોડા, રાજકોટ જેવા મેટ્રો સિટીમાં પણ મહિલાઓ સુરક્ષિત નથી.

મહિલાઓ પર થતા અત્યાચાર-બળાત્કાર જેવી ઘટનાઓમાં અમદાવાદ અને સુરત પ્રથમ પાંચ રાજ્યોમાં આવે છે. છેલ્લા 5 વર્ષમાં 6524 જેટલા બળાત્કાર અને 95 જેટલા સામુહિક બળાત્કાર નોંધાયા છે.

ગુજરાતમાં દરરોજ સરેરાશ ૬ જેટલા બળાત્કારની ઘટનાઓ થાય છે.જે અત્યંત ચિંતાજનક છે. ગૃહમંત્રીશ્રી માત્ર નિવેદનબાજી કરી છટકી ન શકે. નક્કર આયોજન કરવું જરૂરી છે. ભાજપ સરકાર મહિલાઓને સુરક્ષા આપવામાં સદંતર નિષ્ફળ નીવડી છે ત્યારે ગૃહમંત્રીશ્રીએ રાજીનામુ આપે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

જગત જનની માં શક્તિ અંબે માં, નગર દેવી ભદ્રકાળી માતા આ આસુરી તાકતોનો સામનો કરવા આપણે સૌને શક્તિ આપે, સત્તાધીશોને સદબુદ્ધિ આપે તેવી નગર દેવી ભદ્રકાળી માંને પ્રાર્થના કરી હતી. અમદાવાદનાં લાલ દરવાજા ખાતે નગરદેવી ભદ્રકાલી માતાને ગુજરાતની બહેન દીકરીઓની સલામતી-સુરક્ષાની પ્રાર્થના માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, એઆઈસીસી મંત્રીશ્રી સોનલબેન પટેલ, પ્રદેશ પ્રવક્તા શ્રી હિરેન બેન્કર, શ્રી પાર્થિવરાજ કઠવાડિયા, મહામંત્રીશ્રી રાજુભાઈ બ્રહ્મભટ્ટ, પ્રદેશ અગ્રણીશ્રી ભીખુભાઈ દવે, શ્રી ઉમાકાન્ત માંકડ,શ્રી સી.એમ.રાજપૂત, શ્રી હેતાબેન પટેલ, શ્રી મંદાકિનીબેન, શ્રી ઝીલબેન, શ્રી મંગલ સુરજકર સહિત કોંગ્રેસ પક્ષનાં નેતાશ્રીઓ-આગેવાનશ્રીઓ ભદ્રકાળી મંદિરે શીશ ઝુકાવી પ્રાર્થના કરી હતી.

(હિરેન બેંકર)
પ્રવક્તા